સાબર ડેરી

# સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ.
# સાબરડેરી, હિંમતનગર

2025 International Year of Cooperatives

# ઘરગથ્થું ઉપચાર

**આવો સૌ સાથે મળી... પશુની બીમારીમાં ઘરગથ્થું ઉપચાર દ્વારા દૂધ અને દૂધ ની ગુણવત્તામા સુધારો કરી પશુપાલકોનો સર્વાંગી વિકાસ કરીએ...**

ONE HEALTH
ONE PLANET ONE FUTURE

The Trust of Sabar





**ઘરગથ્થું ઉપચાર એ પરંપરાગત જ્ઞાન અને પદ્ધતિઓ છે જેનો ઉપયોગ પશુઓની બીમારીઓની સારવાર અને તેમના સ્વાસ્થ્યને સુરક્ષિત કરવા માટે થાય છે.**

# ચેરમેન સાહેબશ્રી નો સંદેશ...

## શુભેચ્છા સંદેશ...



**શ્રી શામળભાઈ બી. પટેલ**
ચેરમેનશ્રી, સાબર ડેરી
ચેરમેનશ્રી, જી.સી.એમ.એમ.એફ.

વ્હાલા દૂધ ઉત્પાદક ભાઈઓ તથા બહેનો

આપ સૌના અમુલ્ય સાથ અને સહકારથી આપણી સાબરડેરી પશુપાલન અને દૂધ વ્યવસાય ક્ષેત્રે વિકાસયાત્રાના ઉચ્ચતમ શિખરો સર કરી સમગ્ર દેશને આદર્શ મોડલ રૂપે રાહ ચીંધી રહી છે, જે આપણા સૌ માટે ગૌરવરૂપ છે અને આ સફળતાના યશના સાચા હકદાર આપ સૌ દૂધ ઉત્પાદક ભાઈ-બહેનો છો.

આજે સહકારી દુધ વ્યવસાય ગ્રામીણ અર્થતંત્ર,મહિલા સશકિતકરણ અને સ્વરોજગારીની વિપુલ તકો ઉપલબ્ધ કરી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આત્મનિર્ભર ભારત અને ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પને સાકાર કરવા અગ્રિમ ભૂમિકા નિભાવી આપણા ગ્રામીણ વિકાસનું એક સબળ માધ્યમ બની રાષ્ટ્રના વિકાસમાં બહુમૂલ્ય ફાળો આપી રહયો છે.

સહકારી પ્રવુત્તિના પ્રેરક બળ યશસ્વી માનનીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબના નેતૃત્વમાં સહકાર મંત્રાલયના માર્ગદર્શન હેઠળ આજે ખેડૂત પરિવારોના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે સહકારથી સમૃધ્ધિ નો મંત્ર સમગ્ર ભારતમાં શોષણમુકત અને આત્મનિર્ભર સમાજના નિર્માણ માટે સતત પ્રેરણા પૂરી પાડી રહ્યો છે.

આપણે ઘણા દાયકાઓથી પશુઓમાં થતી બીમારીની સારવારમાં એન્ટિબાયોટિક દવાઓનો વપરાશ કરી રહ્યા છીએ, પરંતુ આવી એન્ટિબાયોટિક દવાઓના વધુ પડતાં ઉપયોગના કારણે દૂધ અને દૂધની ગુણવત્તા પર અસર થાય છે. સંઘ દ્વારા NDDB ના માર્ગદર્શનથી તૈયાર કરવામાં આવેલ ઘરગથ્થું ઉપચારના ફીડ સપ્લીમેન્ટનો પશુઓની બીમારીઓની સારવારમાં ઉપયોગ કરી એન્ટિબાયોટિક દવાઓની પ્રતિકારકતામાં ઘટાડો તેમજ દુધમાં આવતા દવાઓના અવશેષો ઓછા કરી સ્વચ્છ દૂધ ઉત્પાદન દ્વારા દેશની પ્રગતિ અને વિકાસમાં સહભાગી બનીએ.


## ઘરગથ્થું ઉપચાર કેમ ?




## સાબર સંજીવની ૬૦ ગ્રામ પાઉચ

ઉપયોગ :
- ❖ આંચળની બીમારીના અટકાવ માટે
- ❖ દુધની માત્રા તથા ફેટ વધારવા માટે
- ❖ દૂધ ઉતારવા માટે

ઉપયોગ કરવાની રીત :
- ❖ ૩૦ ગ્રામ સવાર સાંજ એમ કુલ પાંચ દિવસ સુધી ખવડાવવું




પેકીંગ : ૬૦ ગ્રામ

## સાબર સરલ ૬૦ ગ્રામ પાઉચ

ઉપયોગ :
- ❖ પશુઓમાં ઝાડાના અટકાવ માટે
- ❖ કબજિયાત કે અપચાના અટકાવ માટે

ઉપયોગ કરવાની રીત :
૧ પાઉચ દિવસ માં એકવાર એમ બે દિવસ સુધી ખવડાવવું.




પેકીંગ : ૬૦ ગ્રામ

## સાબર યુટેરાઇન કલીન્સર ૫૦ ગ્રામ પાઉચ

ઉપયોગ :
- ❖ ગર્ભાશયના ચેપના અટકાવ માટે
- ❖ મેલી પડવામાં મદદરૂપ થાય છે.

ઉપયોગ કરવાની રીત :
- ❖ પશુના વિયાણ બાદ દૈનિક એક પાઉચ એમ કુલ પાંચ દિવસ સુધી ખવડાવવું.




પેકીંગ : ૫૦ ગ્રામ

## સાબર સુદર્શન ૩૫ ગ્રામ પાઉચ

ઉપયોગ :
- ❖ તાવના અટકાવ માટે
- ❖ પશુ ખોરાક ન લેતું હોય તે માટે
- ❖ પશુની રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા માટે

ઉપયોગ કરવાની રીત :
પશુનું મોઢુ ખોલી ઉપરના તાળવે તથા જીભ ઉપર ઘસી ખવડાવવું.
૧-૧ પાઉચ સવાર સાંજ એમ બે દિવસ ઉપયોગ કરવો.




પેકીંગ : ૩૫ ગ્રામ

## સાબર સોડા ૫૦ ગ્રામ પાઉચ


ઉપયોગ :
- ❖ પશુઓમાં ખોરાકના પાચન માટે
- ❖ એસિડોસીસ ના અટકાવ માટે
- ❖ દૂધ અને ફેટમાં વધારો કરે છે.

ઉપયોગ કરવાની રીત :
૧ પાઉચ દિવસ માં એકવાર એમ દરરોજ ખવડાવવું.



પેકીંગ : ૫૦ ગ્રામ

**સાબર મિક્ષ**
**પેકીંગ : ૬૦ ગ્રામ**




**એલો સાબર**
**૧ લિટર બોટલ**



**સાબર અમૃત**
**૫૦૦ મિલી બોટલ**



### આંચળની બીમારીના અટકાવ માટે

પશુ ઓમાં થતી આંચળ ની બીમારી માટે એલો સાબર ૧ લિટર બોટલમા થી ત્રીજા ભાગનો જ્યુસ અલગ વાસણમાં લઈ તેમાં સાબર મિક્સનું એક પાઉચ મિક્સ કરી પેસ્ટ બનાવવી. દૂધ દોહન કર્યા પછી પશુનું બાવલુ પાણીથી સાફ કરી, આ પેસ્ટ માથી એક મુઠ્ઠી પેસ્ટ લઈ દિવસમાં ત્રણ વાર પશુના આખા બાવલા પર શક્ય તેટલુ ઘસીને માલિશ કરવી. સાબર અમૃત ૫૦૦ મિલી જેલીના જ્યુસને દિવસમાં એકવાર ૧૫૦ મિલી એમ કુલ ત્રણ દિવસ ખાણ જોડે ખવડાવવું.

# આયુર્વેદ ને અપનાવીએ, પશુઓની તંદુરસ્તી જાળવીએ...